# રોકડિયા પાકો

## શેરડી

**પ્રશ્ન : શેરડીની રોપણી કયારે કરવી જોઈએ?**

**જવાબ :** ઓકટોબર મધ્યથી ફેબ્રુઆરી મધ્ય સુધીમાં રોપણી કરવી.

**પ્રશ્ન : શેરડીની જાતોની પસંદગી કરવી?**

**જવાબ :** વધુ ઉત્પાદન સાથે વધુ રીકવરી આપતી જે તે વિસ્તારને અનુકૂળ કૃષિ યુનિવર્સિટી દ્વારા ભલામણ થયેલ સુધારેલ, રોગ–જીવાત સામે ટકી રહેવાની શકિત ધરાવતી, સારો લામ પાક આપી શકે તેવી, ખેતરમાં લાંબા સમય માટે ટકી રહે તેવી અને રોપણીના સમય અને કાપણીના સમયને અનુરૂપ જાતો પસંદ કરી રોપવી જોઈએ. વહેલી વાવણી માટે કો ૮૩૩૮, કો એન ૯૫૧૩૨, કો.એન. ૦૫૦૭૧, (ગુજરાત સુગરકેન –૫), કો.એન. ૦૭૦૭૨ (ગુજરાત સુગરકેન –૮), કો ૯૪૦૦૮ તેમજ બિયારણ અને પત્રકની સારી માવજત કરી શકે તેવા ખેડૂતો કો.સી. ૬૭૧ અને કો. ૮૬૦૩૨ પસંદ કરવી. જયારે મધ્યમ મોડી વાવણી કરવી માટે કો.એન. ૯૧૧૩૨, કો.એલ. કે. ૮૦૦૧, કો.એન. ૮૫૧૩૪, કો.એન. ૦૫૦૭૨ (ગુજરાત સુગરકેન –૬) , જી. એન.એસ.– ૭, કો.એમ. ૦૨૬૫ અને કો ૯૯૦૦૪ પસંદ કરવી.

**પ્રશ્ન : શેરડીની રોપણી માટે બિયારણ દર કેટલો કરવો?**

**જવાબ :** બિયારણ માટે રોગ–જીવાત મુકત ૮ થી ૧૦ માસની કૂમળી શેરડી પસંદ કરવી. કૂમળી શેરડી ન મળે તો શેરડીનાં સાંઠાનો ઉપરનો ૨/૩ ભાગજ બિયારણ માટે પસંદ કરવો. બિયારણ અન્ય જગ્યાએ વાહતુકમાં લાવવાનું હોય ત્યારે પતારી સાથે લાવવું જેથી શેરડીની આંખને નુકસાન થાય નહીં. રોપણી માટે ૨ કે ૩ આંખના ટૂકડા કોયતા વડે નીચે લાકડુ રાખી કરવા તેમજ આ દરમ્યાન રોગ–જીવાત વાળા(પોલા,લાલ,કાણાં વાળા) ટૂકડા વીણી દૂર કરવા. પ્રતિ હેકટરે ૫૦,૦૦૦ બે આંખવાળા ટૂકડા રોપાણ પાક માંથી બીજ પસંદ કરી ઉપયોગમાં લેવા.

**પ્રશ્ન : શેરડીની રોપણી કઈ પધ્ધતિથી કરવી જોઈએ?**

**જવાબ :** ભારે કાળી જમીનમાં સૂકી રોપણી જયારે ગોરાડુ જમીનમાં ભીની પધ્ધતિની રોપણી કરવી. સામાન્ય રીતે છેડા–છેડની પધ્ધતિથી રોપણી કરી ખેતી ખર્ચ ઘટાડવો.

**પ્રશ્ન : શેરડીની રોપણી કેટલા અંતરે કરવી?**

**જવાબ :** શેરડીની રોપણી ૬૦ સે.મી.નાં અંતરે જોડકા હારમાં બે જોડકા વચ્ચે ૧૨૦ સેમી.અંતર રાખી કરવી. સામાન્ય વાવેતર ૯૦ થી ૧૦૦ સે.મી. બે હાર વચ્ચે અંતર રાખી રોપણી કરવી.

**પ્રશ્ન : જોડીયા ચાસ પધ્ધતિના ફાયદા**

**જવાબ :** ✓ બે જોડીયા ચાસ વચ્ચે વધુ અંતર હોવાથી શેરડીના પાકને પૂરતો સૂર્ય પ્રકાશ મળવાથી

હીમ દિવેલા પાકને નુકશાન કરે છે.

**પ્રશ્ન : આપણા રાજય માટે દિવેલાની કઈ કઈ સુધારેલી/સંકર જાતો વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે? તેની લાક્ષણીકતાઓ શી છે?**

**જવાબ :** આપણા રાજય માટે નીચે મુજબ દિવેલાની સુધારેલી/સંકર જાતો વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે.

| જાતનું નામ | બહાર પડયાનું વર્ષ | ઓળખવા માટેના લક્ષણો ખાસિયતો |
|---|---|---|
| **સુધારેલી જાતો** | | |
| જીએયુસી–૧ | ૧૯૭૩ | લીલુથડ, દ્વિછારીય, કાંટાવાળા ગાંગડા, વહેલી પાકતી, પિયત અને બિનપિયત વિસ્તાર માટે અનુકુળ |
| જીસી–૨ | ૧૯૯૩ | લાલથડ, ત્રિછારીય, કાંટાવાળા ગાંગડા, વહેલી પાકતી, સુકારા સામે પ્રતિકારક |
| જીસી–૩ | ૨૦૦૭ | લાલથડ, ત્રિછારીયા, કાંટાવાળા ગાંગડા |
| **સંકર જાતો** | | |
| જીએયુસીએચ–૧ | ૧૯૭૩ | લીલુથડ, ત્રિછારીય, કાંટાવાળા ગાંગડા, પિયત અને બિનપિયત વિસ્તાર માટે અનુકુળ |
| જીસીએચ–૨ | ૧૯૮૫ | લીલુ લાલ છાંટવાળુ થડ, ત્રિછારીય, કાંટાવાળા ગાંગડા, મૂળના કહોવારા સામે પ્રતિકારક |
| જીસીએચ–૪ | ૧૯૮૬ | લાલથડ, ત્રિછારીય, મધ્યમ કાંટાવાળા ગાંગડા, સુકારા સામે પ્રતિકારક |
| જીસીએચ–૫ | ૧૯૯૪ | લાલથડ, દ્વિવછારીય, મધ્યમ કાંટાવાળા ગાંગડા, મોડી વાવણી માટે અનુકૂળ. |
| જીસીએચ–૬ | ૧૯૯૯ | લાલથડ, ત્રિછારીય, કાંટાવાળા ગાંગડા, મૂળના કહોવારા સામે પ્રતિકારક, બિન પિયત માટે અનુકૂળ. |
| જીસીએચ–૭ | ૨૦૦૫ | લાલથડ, ત્રિછારીય, મધ્યમ કાંટાવાળા ગાંગડા, ગાંઠો ઉપર નેકટરી, સૂકારા અને કૃમિ સામે પ્રતિકારક અને મૂળના કહોવારા સામે ટકી રહેવાની ક્ષમતા ધરાવે છે. |

**પ્રશ્ન : દિવેલાના બીજને કઈ માવજત આપવી?**

**જવાબ :** બીજ જન્ય રોગોથી છોડના રક્ષણ માટે બીજને વાવતાં પહેલાં ફૂગનાશક દવા થાયરમ કે કેપ્ટાન (૩ ગ્રામ/કિલો) અથવા કાર્બેન્ડેઝીમ (૧ ગ્રામ/કિલો)નો પટ આપી વાવણી કરવી. દિવેલાની હાઈબ્રીડ જાતો માટે પ્રમાણિત બિયારણ વાપરવાનો આગ્રહ રાખવો.

**પ્રશ્ન : દિવેલાનું વાવેતર ચોમાસામાં મોડું શા માટે કરવું જોઈએ?**

**જવાબ :** દિવેલાની વાવણી જુલાઈ થી ઓગષ્ટ મધ્ય સુધીમાં કરવામાં આવે છે. ઓગષ્ટ માસમાં વાવણી કરવાથી પાકને ઘોડીયા ઈયળ તથા ડોડવા કોરી ખાનાર ઈયળોના ઉપદ્રવથી બચાવી શકાય છે.

**પ્રશ્ન : દિવેલાના પાકમાં આખો છોડ સુકાય છે તેના શું કારણો હોય છે?**

**જવાબ :** દિવેલાના પાકમાં કોહવારો અને સુકારો એમ બે રોગ આવે છે તેને લીધે છોડ સુકાતા હોય છે. આ બંને રોગ અલગ અલગ પ્રકારની જમીન જન્ય ફૂગથી થાય છે. મૂળનો કહોવારો જમીનજન્ય ફૂગથી થાય છે. ખાસ કરીને આ રોગ ભાદરવા માસના ઓતરા–ચીતરાના તાપમાં વધારે જોવા મળે છે. આ રોગના મુખ્ય લક્ષણોમાં શરુઆતમાં છોડ પાણીની ખેંચ અનુભવતો હોય તેવો આભાસ થાય છે અને ખૂબ જ ટૂંકાગાળામાં એકાએક આખો છોડ સૂકાઈ જાય છે. રોગીષ્ટ છોડને ખેંચીને ઉપાડવામાં આવે તો સહેલાઈથી ઉપાડી શકાય છે. મુખ્ય મૂળ અને પેટામૂળ કહોવાઈ જવાથી તેની છાલ સહેલાઈથી છૂટી પડી જાય છે. છોડના થડને ચીરીને જોતાં અંદરની બાજુએ ફૂગના કાળા બીજાણુઓ જોવા મળે છે.

સૂકારો જમીનજન્ય ફૂગથી થાય છે અને પાકની કોઈ પણ અવસ્થાએ જોવા મળે છે. પરંતુ રોગની તીવ્રતા નવેમ્બર થી ફેબ્રુઆરી માસ દરમિયાન વધારે જોવા મળે છે. રોગની શરુઆતમાં છોડના ટોચના પાન પીળા પડી જાડા થઈ આછા બદામી રંગના થઈ ખરી પડે છે. ઘણીવાર કેટલીક ડાળીઓ સૂકારાના રોગથી સૂકાઈ જાય છે જયારે બાકીની ડાળીઓ તંદુરસ્ત હોય છે જેને અંશતઃ સૂકારો કહેવામાં આવે છે. રોગીષ્ટ છોડ ધીરે ધીરે કાળો પડી સૂકાઈ જાય છે. છોડને ઉપાડીને તપાસતાં મૂળનો ભાગ ભીનો અને ચીકણો માલૂમ પડે છે. થડની રસવાહિનીઓ કાળી પડી રંગવિહીન થઈ ગયેલ જોવા મળે છે. થડને ઉભું ચીરીને જોતાં અંદરના ભાગમાં સફેદર રુ જેવી ફૂગ જોવા મળે છે.

**પ્રશ્ન : દિવેલાના પાકમાં કોહવારો અને સુકારાના નિયંત્રણ માટે શું પગલા લેવા જોઈએ?**

**જવાબ :** દિવેલાના પાકમાં કોહવારો અને સુકારાના નિયંત્રણ માટે નીચે મુજબ સંકલિત પગલા લેવા જોઈએ.

- ઉનાળામાં હળથી ઊંડી ખેડ કરવી અને પાકની ફેરબદલી કરવી.
- પ્રમાણિત બિયારણ જ વાવણી માટે ઉપયોગામાં લેવું.
- બીજને વાવતાં પહેલાં થાયરમ કે કેપ્ટાન દવા ૩ ગ્રામ અથવા કાર્બેનડેઝીમ દવા ૧ ગ્રામ પ્રતિ કિલો બીજ પ્રમાણે પટ આપવો.
- છાણિયાં ખાતર અને લીલા પડવાશનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવો.
- પાકને નિયમિત પાણી આપવું અને પાણીની ખેંચ પડવા દેવી નહિં.
- રોગિષ્ઠ છોડને મૂળ સાથે ઉપાડી નાશ કરવો.
- પ્રતિકારક જાતો (સૂકારા રોગ સામે : ગુજરાત સંકર દિવેલા ૪, ૫ અને ૭ ; મૂળના કહોવારા રોગ સામે : ગુજરાત સંકર દિવેલા ૨ અને ૬)ની વાવણી કરવી.
- ટ્રાઈકોડર્મા યુકત પાવડર ૨.૫ કિ.ગ્રા પ્રતિ કિલો દિવેલા વાવતા પહેલા ૫૦૦

કિ.ગ્રા.લીમડાના ખોળ સાથે મિશ્ર કરી આપવાથી જૈવિક નિયંત્રણ થાય છે.

**પ્રશ્ન : દિવેલા માટે પાક ફેરબદલીનું શું મહત્વ છે?**

**જવાબ :** દિવેલા ઉંડા મૂળવાળો જમીનમાંથી બહોળા પ્રમાણમાં પોષ્ક તત્વોનું શોષણ કરતો પાક છે તેમજ આ પાક દર વર્ષે એકધારો લેવામાં આવે તો રોગ–જિવાતનાં પ્રશ્નો ઉભા થાય છે. જેથી દર વર્ષે એકધારો આ પાક ન લેતા પાક ફેરબદલી અપનાવવી જોઈએ.

# સોયાબીન

**પ્રશ્ન : સોયાબીનનું વાવેતર કયારે કરવું જોઈએ?**

**જવાબ :** જૂન – જુલાઈ માસમાં પૂરતો વરસાદ થયે વાવેતર કરવું, જુલાઈ માસના બીજા પખવાડીયામાં વાવેતર કરવાથી ચોમાસાના પાછોતરા વરસાદથી પાકને થતા નુકશાનથી બચાવી શકાય.

**પ્રશ્ન : સોયાબીનના વાવેતર માટે જમીન કેવી રીતે તૈયાર કરવી?**

**જવાબ :** સોયાબીનના છોડના મૂળ ઉંડા જતા હોય હળથી ખેડ કરી ત્યાર પછી કરબથી આડી ઉભી ખેડ કરી જમીન ભરભરી કરવી. આવી રીતે તૈયાર કરેલ જમીનમાં વાવણી સારી રીતે થઈ શકે છે અને ઉગાવો સારો અને એકસરખો થાય છે. જમીનની તૈયારી વખતે સારૂ કહોવાયેલું છાણિયુ ખાતર ૧૦ ટન પ્રતિ હેકટરે નાંખવું.

**પ્રશ્ન : સોયાબીનના પાકમાં કઈ જાતનું વાવેતર કરવું?**

**જવાબ :** ઓછા વરસાદવાળા વિસ્તાર માટે ગુજરાત સોયાબીન–૧ જયાં વધારે વરસાદ વાળા વિસ્તાર માટે ગુજરાત સોયાબીન–ર જાતની પસંદગી કરવી જોઈએ. આ ઉપરાંત ગુજરાત સોયાબીન–૩ અને કલાર્ક જાતોની મિશ્ર/આંતર પાક તરીકે પસંદ કરવી. એન.આર.સી–૩૬ અને જે.એસ.–૩૩૫ જાતનું ઉત્પાદન પણ આપણે ત્યાં સારૂ મળે છે.

**પ્રશ્ન : સોયાબીનનું કેટલા અંતરે વાવેતર કરવું?**

**જવાબ :** ફળદ્રુપ જમીનમાં બે હાર વચ્ચે ૪૫ સે.મી. અને હલકી જમીનમાં ૩૦ સે.મી. અંતર રાખવું અને એક જ હરોળમાં બે છોડ વચ્ચે ૧૦ થી ૧૫ સે.મી. અંતર જળવાય તે રીતે બીજની વાવણી કરવી. બીજની વાવણી ૪–૫ સે.મી. ઉંડાઈએ કરવી જોઈએ. વધારે ઉંડી કે વધારે છીછરી વાવણી કરવાથી ઉગાવો બરાબર થતો નથી.

**પ્રશ્ન : સોયાબીન માટે હેકટરે કેટલું બિયારણ જરૂર પડે છે?**

**જવાબ :** જાત અને ઉગાવાના ટકાને આધારે હેકટરે ૬૦ થી ૭૫ કિલો બિયારણની જરૂર પડ. છે.

**પ્રશ્ન : સોયાબીનના બીજને કઈ કઈ માવજત આપવી જરૂરી છે?**

**જવાબ :** સોયાબીનનો પાક નવો હોવાથી વાવેતર કરતાં પહેલાં રાઈઝોબીયમ કલ્ચરની માવજત આપવી જરૂરી છે. ભલામણ મુજબ રાઈઝોબીયમ કલ્ચરની માવજત આપી છાંયડામાં અડધો કલાક સૂકવવું. આ ઉપરાંત બીજ જન્ય રોગોથી પાકને બચાવવા ફુગનાશક દવાનો પટ પણ આપવો

